RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 126 * Date: 25.02.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## એસિડિટી, કોલેસ્ટ્રોલ, ડાયાબિટિસ અને ગેસ માટે વપરાતી ૮૪ દવાઓ પરીક્ષણમાં નિષ્ફળ



સમગ્ર દેશમાં ડ્રગ્સ કન્ટ્રોલર અધિકારીઓ દ્વારા દવાઓનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જેના રિપોર્ટ ચોંકાવનારા આવ્યા છે. સ્ટેરોઇડ અને કોલેસ્ટ્રોલ ઘટાડવાની દવાઓ સહિત લગભગ ૮૪ દવાઓની ગુણવત્તા નિર્ધારિત માપદંડથી ઓછી હતી.

દવાઓની ટેસ્ટિંગ કરનારી એજન્સી સીડીએસસીઓ(સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન)એ આ અંગે એલર્ટ જારી કરી છે. સીડીએસસીઓ દર મહિને બજારમાં વેચવામાં આવતી ઓછી ગુણવત્તાવાળી દવાઓ અંગે એલર્ટ જારી કરે છે. ૨૦૨૪ના પોતાના નવા આંકડાઓ અનુસાર તેમણે વિવિધ કંપનીઓ દ્વારા નિર્મિત દવાઓની ૮૪ બેન્ચોમાં ઓછી ગુણવત્તા જોવા મળી હતી. જેમાં એસિડિટી, હાઇ કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ અને ઈન્ફેકશન જેવી સામાન્ય સ્થિતિઓ માટે કેટલીક દવાઓ સામેલ છે. એનએસક્યુના સ્વરૂપમાં દવાના નમૂનાઓની ઓળખ એક અથવા બીજા નિર્દિષ્ટ ગુણવત્તા માપદંડોમાં દવાના નમૂનાઓની નિષ્ફળતાને આધારે કરવામાં આવે છે. એનએસક્યુ અને નકલી દવાઓની ઓળખની આ કાર્યવાહી રાજ્ય નિયામકોના સહયોગથી નિયમિત આધારે કરવામાં આવે છે જેથી આ દવાઓની ઓળખ કરી શકાય અને તેમને બજારમાંથી દૂર કરી શકાય. તાજેતરમાં સીડીએસસીઓએ ટેસ્ટિંગ માટે નવા દિશા નિર્દેશ રજૂ કર્યા છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે તમામ ડ્રગ ઈન્સપેક્ટરે એક મહિનામાં ઓછામાં ઓછા ૧૦ નમૂના એકત્ર કરવા જોઈએ. દુખાવાને દૂર કરવા અને માંસ પેશીઓને આરામ આપવા માટે ઉપયોગમાં લેવામાં આવતી ટેપેંટાડોલ અને કેયરસોપ્રોડોલનો ઉપયોગ હવે નશા માટે કરવામાં આવે છે. જેને ધ્યાનમાં રાખીને આ બંને દવાઓના સંયોજનના નિર્માણ અને નિકાસ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ડ્રગ્સ કન્ટ્રોલ જનરલે તમામ પ્રદેશોના ડ્રગ્સ કન્ટ્રોલર ઓથોરિટીને પત્ર મોકલી દીધો છે. પશ્ચિમ આફ્રિકાના દેશોમાં મોકલવામાં આવતી આ દવાઓનો નશા તરીકે ઉપયોગ થતો હોવાના અહેવાલ પછી આ કાર્યવાહી કરવામાં આવી છે.

## પુરુષોમાં ગેરમાન્યતા, માત્ર ૧% એ નસબંધી કરાવી, જ્યારે ફેમિલી પ્લાનિંગમાં 'લેડીઝ ફર્સ્ટ'




પુરુષ સમોવડી, સ્ત્રી સશક્તિકરણની વાતો કરતા સમાજની વાસ્તવિકતા કંઇ જુદી જ છે. પ્રસૂતિની પીડા સહન કરતી મહિલાઓના ભાગે જ નસબંધીની પીડા આવે છે. ગુજરાતમાં પ્રતિ ૧ હજાર મહિલાએ માત્ર ૧ પુરુષ નસબંધી કરાવે છે. આમ, ફેમિલી પ્લાનિંગની જવાબદારી પણ મહિલાઓને ફાળે છે. નસબંધી માટે જાગૃતિની વિવિધ ઝૂંબેશ ચલાવવા છતાં આ સંદેશાના યોગ્ય પ્રસારમાં ધારી સફળતા મળી નથી તેમ જણાય છે. ગયા વર્ષે એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન ૧.૩૩ લાખ મહિલાઓએ નસબંધી કરાવી હતી જ્યારે માત્ર ૧૧૨૦ પુરુષો નોન સર્જિકલ વાસ્કેટોમી માટે આગળ આવ્યા હતા. છેલ્લા કેટલાક વર્ષથી ગુજરાતમાં સરેરાશ ૩ લાખથી વધુ મહિલા નસબંધી કરાવે છે.

બીજી તરફ વંધ્યીકરણ કરાવનારા પુરુષો ૧ હજારની આસપાસ માંડ હોય છે. નસબંધી અંગે પુરુષોમાં અલગ પ્રકારની માન્યતા હોવાના કારણે તેઓ નસબંધીથી દૂર ભાગી રહ્યા છે. મોટાભાગના પુરુષો નસબંધીથી તેના પુરુષત્વમાં ઘટાડો થવાનો ડર લાગતો હોવાથી મહિલાઓને નસબંધી કરાવવા માટે ફરજ પાડે છે. વસતી નિયંત્રણ માટે થતા કેમ્પ માટે સરકાર પુરુષો અને મહિલાઓને નસબંધી કરવવા માટે સહાય પણ આપે છે. આ ઉપરાંત અનેક પુરુષોમાં એવી ગેરમાન્યતા પણ પ્રવર્તે છે કે નસબંધી બાદ તેમના જાતિય જીવન પર અસર પડશે. પરંતુ આ માન્યતા સાવ ખોટી હોવાનો ડોક્ટરોનો મત છે. સ્ત્રી નસબંધીની સરખામણીએ પુરુષ નસબંધી કરાવવી સરળ અને સુરક્ષિત છે. પુરુષો પ્રક્રિયાના અમુક મિનિટ બાદ પૂરી રીતે ફિટ થઈ જાય છે, જ્યારે મહિલાઓને ફિટ થતા સમય લાગે છે.

## ગુજરાતના બોટિંગ કરતાં ૫૦,૦૦૦ કુટુંબ બેરોજગાર થયા, કારણ- સરકારના બિનવ્યવહારુ નિયમો




વડોદરામાં હરણી બોટ કાંડ બાદ ગુજરાત સરકારે બોટિંગ પ્રવૃત્તિ માટે બનાવેલા કડક નિયમોને કારણે ધાર્મિક સ્થળોએ બોટિંગ અને ફિશિંગ કરીને રોજીરોટી મેળવતા આશરે ૫૦ હજાર કુટુંબો મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે.બોટિંગ પર જીવન નિર્વાહ ગુજારતા પરિવારો વતી ગુજરાત સરકારને નિયમો હળવા બનાવવા રજૂઆત કરાઈ છે. જે નિયમો બનાવ્યા છે, તેમાં બોટના ડ્રાઈવર (પાયલોટ) માટે લાઈસન્સ ફરજિયાત રાખ્યું છે. જેમ આરટીઓ વાહનચાલકને લાઈસન્સ આપે છે, તે રીતે બોટના ડ્રાઈવરને લાઈસન્સ આપતી ગુજરાતમાં કોઈ સંસ્થા નથી. બોટ બિલ્ડિંગનું એટલે કે બોટ બનાવનાર સંસ્થાનું લાઈસન્સ માગવામાં આવે છે. ગુજરાતમાં ફિશિંગ ઉપરાંત નદીઓમાં ધાર્મિક સ્થળો ખાતે જે બોટ ફરે છે તે મોટે ભાગે અલંગ શિપયાર્ડથી લવાયેલી હોય છે. અલંગથી લાવેલી બોટ ફ્રાન્સ, ઈટાલી કે બીજા કોઈ દેશમાં બનેલી હોય છે. બોટ ચલાવનાર ગરીબ માણસ ત્યાંનું લાઈસન્સ ક્યાંથી લાવે તે મોટો સવાલ છે. અમુક બોટ તો સ્થાનિક સ્તરે હાથે બનાવેલી હોય છે. જેની કોઈ સંસ્થા નથી હોતી.

આ સિવાય બોટનું ફિટનેસ સર્ટિફિકેટ ફરજિયાત બનાવ્યું છે. જે સરકાર માન્ય સંસ્થા પાસેથી લેવું પડે છે અને તેની ફી ઘણી ઊંચી છે. જેમાં ફાયર એક્સ્ટીંગ્યુશર, લાઈફબોટ, ચેન, એન્કર્સના ટેસ્ટ, વાર્ષિક સર્વે, માસિક મેન્ટેનન્સ, મેન્ટેનન્સ કર્યાના ફોટા અને વીડિયો ડૉક્યુમેન્ટેશન જાળવવા, વીમો લેવો વગેરે બાબતો બોટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ગરીબ અને ઓછું ભણેલા લોકો માટે માથાના દુખાવા સમાન બની ગઈ છે. આ નિયમો કેવળ કડક જ નથી, પરંતુ બિનવ્યવહારુ પણ છે .વડોદરા પૂર્વ મેયર ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડની રજૂઆત મુજબ હાલ કેવડિયા અને સાબરમતી ખાતે ક્રૂઝ અને દ્વારકા તથા સાપુતારામાં બોટિંગ ચાલુ જ છે. શુકલતીર્થ, કબીરવડ જવા પણ હોડીઓ ફરે છે. નદીમાં રેતી ખનનમાં ચાલતી બોટોમાં હપ્તાબાજી ચાલે છે, એવો આક્ષેપ કરી તેમણે વેળાસર બોટ ચલાવવા નિયમો હળવા કરી મંજૂરી આપી ૫૦ હજાર કુટુંબો પરની આર્થિક ભીંસ દૂર કરવા માગ કરી છે.

## ઝારખંડમાં સનસનાટી મચાવતી ઘટના, લગ્નથી પાછી ઘરે જતી ૫ બાળકીના અપહરણ



ઝારખંડના ખૂંટી જિલ્લાના શુક્રવારે (૨૧મી ફેબ્રુઆરી) રાત્રે એક શરમજનક ઘટના બની હતી. ખૂંટીથી લગ્ન સમારોહમાંથી પરત ફરી રહેલી ૫ બાળકીઓનું ૧૦-૧૨ યુવાનોએ અપહરણ કરીને સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. રવિવારે આ મામલો પોલીસ સુધી પહોંચ્યો. પીડિતોએ અહીં પોતાના નિવેદનો નોંધાવ્યા બાદ પોલીસે આ યુવકોની અટકાયત કરીને તેમની પૂછપરછ કરી રહી છે.ખૂંટી જિલ્લાના રાણિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગ્ન પ્રસંગમાંથી પરત ફરી રહેલી ૫ બાળકીઓનું ૧૦-૧૨ યુવાનોએ અપહરણ કર્યું હતું. તેમાંથી ત્રણ પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે આ નરાધમોએ બાળકીઓને જંગલમાં લઈ જઈ રહ્યા હતા, ત્યારે એક બાળકીએ એક યુવકના હાથ બચકું ભરીને ભાગી ગઈ હતી. ત્યારબાદ તેમણે ગામલોકોને આ બાબતની જાણ કરી. જ્યારે તે ગ્રામજનો સાથે ઘટનાસ્થળે પહોંચી, ત્યારે બધા ગુનેગારો ભાગી ગયા હતા. પોલીસને આપેલા નિવેદનમાં, ૧૦ વર્ષીય પીડિતાએ જણાવ્યું હતું કે, 'મારા પર ત્રણ નરાધમોએ દ્વારા દુષ્કર્મ આચર્યું હતું.' બીજી એક પીડિતાએ જણાવ્યું કે, 'મને સાત ક્રૂર લોકોએ બંધક બનાવી હતી અને તેમાંથી ત્રણે મારા પર દુષ્કર્મ ગુજાર્યો હતો.

## ગુજરાતમાં હૃદય-શ્વાસની તકલીફ ધરાવતા દર્દી વધ્યા, દરરોજ નવા ૬૫૮ કેસ નોંધાતા ચિંતા વધી

ગુજરાતમાં હૃદય સાથે શ્વાસની બીમારીના દર્દીઓમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૪૫ દિવસમાં શ્વાસની સમસ્યાના ૧૭,૪૭૬ જ્યારે હૃદયની સમસ્યાના ૧૨,૧૨૭ ઈમરજન્સી કેસ નોંધાયા છે. ગયા વર્ષની સરખામણીએ હૃદયની સમસ્યાના દર્દીમાં ૧૮.૮૯% જ્યારે શ્વાસની સમસ્યાના દર્દીમાં ૧૬.30% નો વધારો થયો છે. ગુજરાતમાં ગયા વર્ષે ૧ જાન્થીયુઆરી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન હૃદયની ઈમરજન્સીના ૧૦,૨૦૦ કેસ નોંધાયા હતા. જેની સરખામણીએ આ વર્ષે આ જ સમયગાળામાં ૧૨,૧૨૭ કેસ નોંધાઇ ચૂક્યા છે. આમ, હાલ પ્રતિ કલાકે સરેરાશ ૧૧ જ્યારે પ્રતિ દિવસે સરેરાશ ૨૭૦ દર્દીને હૃદયની સમસ્યા થતાં '૧૦૮' દ્વારા હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. ગયા વર્ષની સરખામણીએ હૃદયના દર્દીઓમાં વધારો થયો છે. તબીબો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા કેટલાક સમયથી ખાસ કરીને ૪૦થી ઓછી વયના યુવાનોમાં હૃદયના દર્દીઓ વધ્યા છે. તાજેતરમાં જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ યુવાનોમાં અચાનક હૃદય બંધ પડવાના કિસ્સા સામે આવ્યા હતા. અમદાવાદના સિવિલ પરિસરમાં આવેલી યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલમાં અત્યારસુધી ઈન્ડોરમાં ૩૪,૧૫૫ જ્યારે આઉટડોરમાં ૪,૯૭૭ કેસ નોંધાઇ ચૂક્યા છે. આમ, સિવિલની હાર્ટ હોસ્પિટલમાં દરરોજ સરેરાશ ૯૪ લોકોને હૃદયની સમસ્યાને કારણે દાખલ કરવા પડે છે.

## મહેસાણાના જોટાણા નજીક ગંભીર અકસ્માત, ૨ યુવકના કમકમાટીભર્યા મોત, એક ગંભીર



મહેસાણાના જોટાણાની એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં હાઈવે પર બે વાહનો વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી અનુસાર એક છોટા હાથી અને બાઈક વચ્ચે ભયાનક ટક્કરના પરિણામે બે યુવકો ઓન ધી સ્પોટ મૃત્યુ પામી ગયા હતા.

આ ઘટના નદાસા બસ સ્ટેન્ડની નજીકમાં બની હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બંને વાહનોને મોટું નુકસાન થયું હતું. માહિતી અનુસાર અન્ય એક યુવક પર આ હુમલામાં ઘાયલ છે જેની હાલત ગંભીર જણાવાઈ રહી છે. ઘટનાસ્થળે હાજર લોકોનું કહેવું છે કે છોટા હાથી અને બાઈક ચાલક બંને પૂરપાટ ગતિએ સામ-સામે આવી ગયા હતા જેના પગલે બંને વચ્ચે ધડાકાભેર ટક્કર થઈ હતી.

તંત્રી લેખ

## ટ્રમ્પની વધુ એક ધમકીથી ફાર્મા કંપનીઓ પર સંકટ, શેર માર્કેટમાં હલચલના અણસાર

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ટેરિફ વોર અને આકરી બિઝનેસ નીતિઓથી વિશ્વના અન્ય દેશોમાં ટ્રેડવોરનો ભય પેદા કરી રહ્યા છે. રેસિપ્રોકલ ટેરિફ લાદ્યા બાદ હવે ફાર્મા કંપનીઓ પર તવાઈ લાવવાનો નિર્ણય લીધો છે. તેમણે ફાર્મા કંપનીઓને અમેરિકામાં દવાની આયાત પર લાગુ ઊંચા ટેરિફથી બચવા માટે પોતાના મેન્યુફેક્ચરિંગ યુનિટ અમેરિકામાં શિફ્ટ કરવા સલાહ આપી છે. ટ્રમ્પના આ નિર્ણયથી દેશની કુલ ફાર્મા નિકાસમાં ૩૧ ટકાથી વધુ નિકાસ અમેરિકામાં કરતી ફાર્મા કંપનીઓને મોટું નુકસાન થઈ શકે છે.

અમેરિકાના ફાર્મા લીડર્સ દવાની કિંમત નક્કી કરતાં નિયમોને સરળ બનાવવાની માગ કરી રહ્યા છે, એવામાં ભારતીય ફાર્મા કંપનીઓ નિકાસ પર ઊંચા ટેરિફથી બચવા દ્વિપક્ષીય ચર્ચાઓ પર વિશ્વાસ કરી રહી છે. ૨૦૨૩-૨૪માં ભારતે અમેરિકામાં ફાર્મા ક્ષેત્રે ૨૭.૯ અબજ ડોલરની નિકાસ કરી હતી. જે તેની કુલ ફાર્મા નિકાસના ૩૧ ટકા છે. અમેરિકામાં ૫૦ ટકાથી વધુ જેનરિક દવાઓની માગ ભારત પૂરી કરે છે. એવામાં ટ્રમ્પના ટેરિફ ટેન્શન તથા મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપિત કરવાની સલાહ ભારતીય ફાર્મા કંપનીઓ માટે સંકટના વાદળો ઉભા કરી શકે છે.

# ★આહવા ખાતે યોજનારા ઐતિહાસિક 'ડાંગ દરબાર'ના ભાતિગળ લોકમેળાના આયોજન સંદર્ભે રીવ્યુ બેઠક યોજાઈ કરાઈ




: આહવા:

ડાંગ જિલ્લાની ભાતીગળ લોક સંસ્કૃતિને ઉજાગર કરતા 'ડાંગ દરબાર'ના ઐતિહાસિક લોકમેળાના આગમનના એંધાણની સાથે જ, ડાંગ જિલ્લા વહીવટી તંત્રે સમગ્ર લોકમેળાને વધુ લોકભોગ્ય બનાવવા, તથા તેના સૂચારુ આયોજન-વ્યવસ્થા બાબતે તૈયારીઓ આરંભી દીધી છે. ઐતિહાસિક ડાંગ દરબારની તૈયારીઓ સમયમર્યાદામાં પૂર્ણ થાય એ માટે તમામ અધિકારીઓને પરસ્પર સંકલનમાં રહીને કામગીરી કરવા માટે ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આનંદ પાટીલે અનુરોધ કર્યો હતો.

આગામી તારીખ ૮ થી ૧૨ માર્ચ, ૨૦૨૫ દરમિયાન આહવા ખાતે યોજનારા ડાંગ દરબારમા પધારનારા મહાનુભાવોની વ્યવસ્થાઓ તથા ડાંગની ઐતિહાસિક પરંપરાને અનુરૂપ રાજવીશ્રીઓના સન્માન અને પોલિટિકલ પેન્શન એનાયત કરવાના કાર્યક્રમ સંબંધિત આનુષાંગિક વ્યવસ્થાઓ બાબતે રચાયેલી જિલ્લા કક્ષાની વિવિધ સમિતિઓ દ્વારા આગોતરા આયોજનને અનુલક્ષીને કરવામાં આવેલી કામગીરી અંગે સમિક્ષા કરતાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષમાં એક જ વાર ડાંગ જિલ્લામા આ પ્રકારના કાર્યક્રમો યોજાય છે. જે સુચારૂરૂપે પાર પડે એ આપણાં સૌની જવાબદારી છે. રાજયના રાજયપાલ આ કાર્યક્રમમાં ઉપસ્થિતિ રહેવાના હોઈ કાર્યક્રમને અનુલક્ષીને તમામ પ્રોટોકોલનું પાલન થાય એ ઈચ્છનિય છે એમ કહી તેમણે તમામ અધિકારીશ્રીઓ એકબીજાનાં સંકલનમાં રહીને કામગીરીને સમયમર્યાદામાં પુર્ણ કરે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. કાર્યક્રમને અનુલક્ષીને કરવામાં આવનારી તૈયારીઓની સમિક્ષા કરતાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે તેવા સંજોગોમાં કોઈ અવ્યવસ્થા ન સર્જાય એની પણ તકેદારી રાખવાની રહેશે. રાઈડસ્ વગેરે ખાતે તમામ પ્રકારની સુરક્ષાની સવલતો ઉપલબ્ધ હોવા અંગે પણ ખરાઈ કરવા તાકીદ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લાના પ્રજાજનોમા અદકેરું સ્થાન મેળવનારા રાજવીશ્રીઓનુ 'ડાંગ દરબાર'ના મેળા દરમિયાન ઐતિહાસિક પોલિટિકલ પેન્શન એનાયત કરવા સાથે, તેમનુ પરંપરાગત રીતે સ્વાગત/અભિવાદન કરવામા આવે છે. આ અવસરે રાજયના રાજયપાલશ્રી વિશેષ ઉપસ્થિત રહી આ પરંપરાને જાળવે છે. તે પૂર્વે રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમોની રમઝટ સાથે રાજવીશ્રીઓની ભવ્ય શોભાયાત્રા પણ આયોજિત કરવામાં આવે છે. જયારે મેળાના દિવસો દરમિયાન દરરોજ સાંજે રંગ ઉપવનના રંગમંચ ઉપર રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવે છે.

બેઠકનું સંચાલન ઈન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટરશ્રી વ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એસ.ડી.તબીયારે કર્યું હતું. બેઠકમાં વાસુર્ણા રાજવીશ્રી ધનરાજસિંહ સુર્યવંશી સહિત પ્રાંત અધિકારી સુ.શ્રી કાજલ આંબલીયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી હિરલ પટેલ, નાયબ પોલીસ અધિક્ષક શ્રી જયદીપ સરવૈયા, દક્ષિણ વન વિભાગના મદદનીશ વન સંરક્ષક શ્રી આરતી ભાભોર સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## પાકિસ્તાને ૨ ૨ ભારતીય માછીમારોને મુક્ત કર્યા; વાઘા બોર્ડર પરથી માછીમારો ભારત પરત ફર્યા

અમૃતસર,

પાકિસ્તાન સરકારના આદેશ બાદ, પાકિસ્તાની જેલમાં બંધ ૨ ૨ ભારતીય માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. વાઘા બોર્ડર પરથી માછીમારો ભારત પરત ફર્યા હતા. પાકિસ્તાની જેલમાંથી મુક્ત કરાયેલા માછીમારોમાં ૧૮ ગુજરાતના છે. માછીમારી કરતા સમયે ભૂલથી પાકિસ્તાની સરહદમાં ઘૂસ્યા હતા. જ્યાં પાકિસ્તાની સરહદમાં જતા પાકિસ્તાની પોલીસે ધરપકડ કરી હતી.

પાકિસ્તાની જેલમાંથી ૨ ૨ ભારતીય માછીમારોને મુક્ત કરાયા છે. જેમને એક વર્ષથી લઈને ૨ વર્ષ સુધી પાકિસ્તાનમાં સજા ફટકારાઈ હતી. જો કે, હજુ પણ ૨૧૭ માછીમારો પાકિસ્તાની જેલમાં કેદ છે.

## એલપીજી ગેસથી ભરેલું એક ટેન્કર અચાનક ટાયર ફાટવાને કારણે નિયંત્રણ બહાર ગયું

ફતેહપુર

ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લામાં કાનપુર-પ્રયાગરાજ હાઈવે પર રવિવારે એક મોટી દુર્ઘટના થઈ . એલપીજી ગેસથી ભરેલું એક ટેન્કર અચાનક ટાયર ફાટવાને કારણે ડિવાઈડર તોડી પલટી ગયું,. આ અકસ્માત માલવા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બરૌરા ગામ પાસે બન્યો હતો આ અકસ્માતમાં ટેન્કર ચાલક ગંભીર રીતે ઘાયલ થયો હતો અને તેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ટેન્કરને દૂર કર્યું હતું.માહિતી મુજબ, આ ટેન્કર ફતેહપુર જિલ્લાના માલવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું ટેન્કર કાનપુરથી વારાણસી જઈ રહ્યું હતું નિષ્ણાતો માને છે કે ઉનાળાની ઋતુમાં ટાયર ફાટવાની ઘટનાઓ વધુ બને છે, તેથી ભારે વાહનોની તપાસ કરવી અને ટાયરના દબાણ પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે.

## મહાશિવરાત્રીના દિવસે પ્રયાગરાજ મહાકુંભમાં છેલ્લું સ્નાન, લાખો શ્રદ્ધાળુઓ અટવાયા

પ્રયાગરાજ

૨૬ ફેબ્રુઆરી એટલે કે મહાશિવરાત્રીના દિવસે પ્રયાગરાજ મહાકુંભમાં છેલ્લું સ્નાન છે. ભક્તોમાં સંગમમાં પવિત્ર ડૂબકી લગાવવાની સ્પર્ધા ચાલી રહી છે. લોકો પોતાના અંગત વાહનોમાં પણ પ્રયાગરાજ મહાકુંભ પહોંચ્યા છે. જેના કારણે અહીં લગભગ ૨૫ કિલોમીટરનો ટ્રાફિક જામ છે. જામના કારણે વૃદ્ધો, બાળકો અને મહિલાઓને સૌથી વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. શ્રદ્ધાળુઓની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને, ટ્રાફિકને સુવ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવા માટે ડાયવર્ઝન યોજના અમલમાં મૂકવામાં આવી છે. વહીવટીતંત્ર દ્વારા તમામ વાહનોને કોખરાજ બાયપાસથી ફાફામૌ બેલા કછાર પાર્કિંગ તરફ વાળવામાં આવી રહ્યા છે. આનાથી ભક્તો સરળતાથી મહાકુંભમાં પહોંચી શકે છે અને સ્નાન કરી શકે છે. પ્રયાગરાજ મહાકુંભમાં સ્નાન કરનારા ભક્તોની સંખ્યા ૬૦ કરોડને વટાવી ગઈ છે. મહાકુંભમાં ભક્તોની સતત ભીડ અંગે યૂ.પી ના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું કે અનુકૂળ વાતાવરણનું પરિણામ છે અત્યાર સુધીમાં ૬૦ કરોડથી વધુ ભક્તોએ મહાકુંભ ૨૦૨૫ પ્રયાગરાજમાં શ્રદ્ધાની પવિત્ર ડૂબકી લગાવી છે.

# વાર્ષિક અંદાજે ૨૫ લાખ મેટ્રિક ટન અનાજ ૩૫૦ ગોડાઉનથી ૧૭ હજાર સસ્તા અનાજની દુકાનો સુધી પહોંચે છે



કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહનાં અધ્યક્ષસ્થાને પૂનામાં યોજાયેલી વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠકમાં ગુજરાતનાં સપ્લાય ચેઈન ઓટોમેશન પ્રેઝન્ટેશને બેસ્ટ પ્રેક્ટિસીસ અંતર્ગત સરાહના મેળવી હતી. આ બેઠકમાં સહભાગી ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર અને કેન્દ્ર શાષિત પ્રદેશ દીવ-દમણ, દાદરા-નગર હવેલીની એક-એક બેસ્ટ પ્રેક્ટિસીસનું પ્રસ્તુતિકરણ વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા પસંદ કરવામાં આવ્યું હતું. ગુજરાતના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સપ્લાય ચેઈન ઓટોમેશનની આ બેસ્ટ પ્રેક્ટિસીસ અન્વયે પસંદગી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં રાજ્યમાં વિશાળ અને સુસંચાલિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ પી.ડી.એસ., આઈ.સી.ડી.એસ. અને પી.એમ. પોષણ યોજના મળીને વાર્ષિક અંદાજે ૨૫ લાખ મેટ્રિક ટન અને અંદાજે ૮ હજાર કરોડથી વધુ મૂલ્યનું અનાજ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા તથા રાજ્ય સરકારના ૩૫૦ ગોડાઉન પરથી ૧૭ હજારથી વધુ વ્યાજબી ભાવની દુકાનો સુધી વિતરણ થાય છે. આ વ્યવસ્થા અન્વયે વાહનો પર જીપીએસ, લોડ સેન્સર, જિઓ-ફેન્સિંગ, સિસ્ટમ ઈન્ટિગ્રેશન અને ઓટોમેટિક એલર્ટ તથા સીસીટીવી જેવા અદ્યતન સાધનો દ્વારા આ સપ્લાય ચેઈનનું મોનિટરિંગ થતું હોવાથી માનવીય હસ્તક્ષેપ ઘટયો છે. આ પદ્ધતિને પરિણામે રાજ્યના ૭૫ લાખથી વધુ એન.એફ.એસ.એ. કાર્ડધારક પરિવારોના ૩ કરોડ ૭૦ લાખ લોકો, ૧૭ હજાર વાજબી ભાવની દુકાનો, ૫૨ હજાર આંગણવાડી કેન્દ્રો અને ૩૦ હજાર પી.એમ. પોષણ સેન્ટર્સ સુધી ખાદ્યાન્ન અને સામગ્રી સરળતાએ પહોંચાડી શકાય છે. આ વિસ્તૃત વિતરણ સાથેનું પ્રેઝન્ટેશન અન્ન અને નાગરિક પુરવઠા અગ્ર સચિવ આર.સી.મીનાએ વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલમાં કર્યું હતું.

# ઝારખંડના મુખ્યમંત્રીની સૂચના પર, સુરંગમાં ફસાયેલા ઝારખંડી કામદારોની સુખાકારી વિશે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે

રાંચી,

૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ, તેલંગાણાના નાગરકુર્નૂલ જિલ્લામાં શ્રીશૈલમ લેફ્ટ બેંક કેનાલ ટનલ અકસ્માતમાં ઝારખંડ અને અન્ય રાજયોના કેટલાક કામદારો ફસાયા હોવાની માહિતી મળી. મુખ્યમંત્રી શ્રી હેમંત સોરેનની સૂચના પર, રાજ્ય સ્થળાંતર નિયંત્રણ ખંડે તેલંગાણા સરકારનો સંપર્ક કર્યો છે.

ગુમલા ઉપરાંત, ઉત્તર પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને પંજાબના કામદારો સુરંગમાં ફસાયેલા છે. હાલમાં, દ્ગડ્ઢઇહ્લ ટીમ બચાવ કામગીરીમાં રોકાયેલી છે. કંટ્રોલ રૂમે છર્ન નાગરકુર્નૂલનો સંપર્ક કર્યો, જેમણે માહિતી આપી કે દ્ગડ્ઢઇહ્લ ટીમ સુરંગમાં પ્રવેશી ગઈ છે પરંતુ હજુ સુધી કામદારો સાથે કોઈ સંપર્ક સ્થાપિત થયો નથી. ટનલની અંદરની પરિસ્થિતિ સ્પષ્ટ નથી.

મુખ્યમંત્રીના નિર્દેશો અનુસાર, ગુમલાના વિવિધ બધિમા (પાલકોટ), કુંબા ટોલી (ઘાઘરા), ખટંગા-કોબી ટોલી (રાયડીહ) અને કરુન્ડી (ગુમલા બ્લોક) માં રહેતા કામદારોના પરિવારની માહિતી રવિવારે શ્રમ અધિક્ષક અને જિલ્લા વહીવટીતંત્ર, ગુમલા દ્વારા ચકાસવામાં આવી હતી. ચકાસણી દરમિયાન, પરિવારના સભ્યોએ માહિતી આપી કે બધા કામદારો ૩-૪ વર્ષથી તેલંગાણામાં કામ કરી રહ્યા હતા. તે પોતાની મરજીથી ત્યાં ગયો હતો. તે વર્ષમાં



એક વાર પોતાના ગામની મુલાકાત લેતો. અકસ્માતના સમાચારથી પરિવારના સભ્યો ખૂબ જ ચિંતિત છે અને તેમના પ્રિયજનોના સુરક્ષિત પાછા ફરવાની કામના કરી રહ્યા છે. જિલ્લા વહીવટીતંત્રે પરિવારના સભ્યોને ધીરજ રાખવા અપીલ કરી છે. ડેપ્યુટી કમિશનર ગુમલા પરિસ્થિતિ વિશે સતત માહિતી લઈ રહ્યા છે.

## કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન તા.૮ અને ૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પુ.મહાત્મા ગાંધી અને સરદાર સાહેબની જન્મભૂમી ગુજરાતમાં યોજાશે

પુ.મહત્મા ગાંધી સરદાર સાહેબનાં પાવન ધારા ગુજરાત પર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં અધિવેશન માટે યજમાન બનવા માટે કોંગ્રેસ પક્ષના શીર્ષ નેતૃત્વનો આભાર વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે ગુજરાતમાં અમદાવાદમાં ખાતે કોંગ્રેસ પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન તા.૮ અને ૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ યોજાશે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધિવેશનમાં દેશભરમાંથી ૩૦૦૦થી વધુ પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહેશે, કોંગ્રેસ પક્ષના બે ઐતિહાસિક અધિવેશન અગાઉ ગુજરાતમાં યોજાયા છે જેમાં વર્ષ ૧૯૩૮માં ૫૧મું અધિવેશન બારડોલીના હરીપુરા ખાતે તત્કાલીન પ્રદેશ પ્રમુખશ્રી સરદાર વલ્લભભાઈ પટેલની દેખરેખ હેઠળ યોજાયું હતું જેમાં સુભાષચંદ્ર બોઝ રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચુંટાયા હતા. હરીપુરા અધિવેશનમાં પ્લાનીગ કમીશનની વિભાવના સુભાષચંદ્ર બોઝ દ્વારા રજુ કરવામાં આવી હતી. જેને પ્રથમ વડાપ્રધાનશ્રી પં.જવાહરલાલ નહેરુએ લાગુ કર્યું હતું.હરીપુરા અધિવેશનમાં જાણીતા ચિત્રકાર નંદલાલ બોઝ દ્વારા સાત ચિત્રો રજુ કરવામાં આવ્યા હતા જે ચિત્રોની કૃતિને દિલ્હી ખાતેના કોંગ્રેસ પક્ષના નવીન રાષ્ટ્રીય કાર્યલયમાં ઈન્દિરા ભવનમાં રજુ કરવામાં આવ્યું છે. કોંગ્રેસ પક્ષનું ગુજરાત ખાતે વર્ષ ૧૯૬૧માં ૬૬મુ કોંગ્રેસ પક્ષનું અધિવેશન ભાવનગર ખાતે નીલમ સંજીવા રેડ્ડીની અધ્યક્ષતામાં યોજાયું હતું. ભાવનગરના અધિવેશનમાં પં.જવાહરલાલ નહેરૂ સહિત ટોચના કોંગ્રેસના નેતાઓ આવ્યા હતા વર્ષ ૧૯૬૧માં ભાવનગરમાં યોજાયેલા કોંગ્રેસ અધિવેશનમાં તત્કાલિન વડાપ્રધાન પં.જવાહરલાલ નહેરૂ, વાય.બી. ચવ્હાણ, જ્ઞાની ઝૈલસિંઘ, શ્રવણસિંગ વગેરે દેશના મોટા ગજાના આગેવાનો આવ્યા હતા. સાંપ્રત સમયમાં જ્યાં બંધારણ તેમજ તેના મૂલ્યો પર થતાં સતત હુમલાઓ અને ભાજપની જનવિરોધી નીતિઓ અંગે ચર્ચા થશે અને પક્ષના આગામી કામગીરી અંગે માર્ગદર્શન નિર્ધારિત કરવામાં આવશે.

વિધાનસભામાં ભાજપ સરકાર દ્વારા આપવામાં આવેલ ખોટા આંકડા અંગે ભાજપ સરકારની પોલ ખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભામાં હંમેશાથી સત્ય અને પારદર્શક સંસદીય કામગીરીની પરંપરા રહી છે ત્યારે ભાજપ સરકાર દ્વારા વિધાનસભામાં ગુજરાત રાજ્યનું કુલ દેવું ૩,૭૦૦૦૦ કરોડ જેટલું છે તેમ દર્શાવામાં આવ્યું છે. પરતું લોકસભામાં કેન્દ્ર સરકાર દ્વારા રજુ કરવામાં આવેલ જવાબમાં ગુજરાત રાજ્ય પર ૪,૪૩,૭૫૩.૩ કરોડ જેટલું દેવું દર્શાવવમાં આવ્યું છે. લોકસભામાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રજુ કરવામાં આવેલ રીપોર્ટ 'સ્ટેટ ફાયનાન્સઃ એ સ્ટડી ઓફ બજેટ ઓફ ૨૦૨૩-૨૪' અંતર્ગત આપવામાં આવેલ વિગતો દર્શાવે છે કે ગુજરાત રાજ્યનું દેવું સતત વધી રહ્યું છે. વર્ષ ૨૦૦૭માં રાજ્ય પર ૯૦,૯૫૫.૭ કરોડ દેવું હતું જે અધધ વધીને વર્ષ ૪,૪૩,૭૫૩.૩ કરોડ અને વર્ષ ૨૦૨૫માં ૪,૯૪,૪૩૫.૯ કરોડ થઈ જશે. જે રાજ્યના એક વર્ષના કુલ બજેટના કરતા પણ વધુ છે. પૂજ્ય ગાંધી બાપુ અને સરદાર સાહેબના ગુજરાતમાં સાદગી અને સરળતાને કાર્યપદ્ધતિ બનાવી હતી. જયારે ભાજપ સરકારએ કરોડો રૂપિયા દેવું કરીને પણ ગુજરાતના નાગરીકોને ૫૦૦ રૂપિયે ગેસનો બાટલો નથી મળતો, મહિલાઓને મફત બસ પ્રવાસ આપવામાં નથી આવતો. આ જ દર્શાવે છે કે ભાજપ સરકારએ માનીતા ઉદ્યોગપતિઓ માટે જ કામ કરી રહી છે.

# ભારતીય બંધારણને બચાવવા કોંગ્રેસનું ગુજરાતમાં અધિવેશન : કે સી વેણુગોપાલ

અમદાવાદ તા.૨૩

નવી દિલ્હી ખાતે કોંગ્રેસ નેતા કે સી વેણુગોપાલે જણાવ્યું છે કે અમદાવાદમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તા. ૮ અને ૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ એઆઈસીસી અધિવેશન યોજશે. આ મહત્વપૂર્ણ બેઠકમાં દેશભરના એઆઈસીસી પ્રતિનિધિઓ એકત્રિત થશે, જ્યાં બંધારણ તેમજ તેની મૂલ્યો પર થતા સતત હુમલાઓ અને ભાજપની જનવિરોધી નીતિઓ અંગે ચર્ચા થશે અને પક્ષનાં આગામી કામગીરી અંગે માર્ગદર્શન નિર્ધારિત કરવામાં આવશે.

અધિવેશન ૮ એપ્રિલે વિસ્તૃત કોંગ્રેસ વર્કિંગ કમિટી (ઝ્રઉઝ્ર)ની બેઠક સાથે શરૂ થશે, જે પછી ૯ એપ્રિલેના રોજ



એઆઈસીસી પ્રતિનિધિઓની બેઠક યોજાશે. આ બંને બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અધ્યક્ષતા કરશે. તેમજ કોંગ્રેસ સંસદીય પક્ષની અધ્યક્ષ સોનિયા ગાંધી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓ, રાષ્ટ્રીય પદાધિકારીઓ, વરિષ્ઠ નેતાઓ અને અન્ય એઆઈસીસી પ્રતિનિધિઓ હાજર રહેશે.

આ એઆઈસીસી અધિવેશન બેલગાવીમાં યોજાયેલી વિસ્તૃત ઝ્રઉઝ્ર બેઠક (નવા સત્યાગ્રહ બેઠક)માં અપાયેલ ઠરાવની ચાલુ પ્રકિયા તરીકે યોજાઈ રહ્યું છે, જે ૧૯૨૪માં મહાત્મા ગાંધી દ્વારા અધ્યક્ષપદ સંભાળવામાં આવેલા કોંગ્રેસ અધિવેશનની ૧૦૦મી વર્ષગાંઠની યાદમાં યોજાઈ હતી. મહાત્મા ગાંધી, ડૉ. ભીમરાવ આંબેડકર અને ભારતીય બંધારણની વારસાને સાચવવાની, સંરક્ષણ કરવાની અને પ્રોત્સાહન આપવા માટેની તાત્કાલિક જરૂરિયાતને માન્યતા આપતાં, ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ વચ્ચે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ એક વિશાળ રાષ્ટ્રીય જનજાગૃતિ અભિયાન ×સંવિધાન બચાવો રાષ્ટ્રીય પદયાત્રા× શરૂ કરશે. સાથે જ મહાત્મા ગાંધીનાં જન્મસ્થાન ગુજરાતમાં એઆઈસીસી અધિવેશન યોજીને અમે સત્ય, અહિંસા અને ન્યાયના તેમના આદર્શો પ્રત્યે આપણી પ્રતિબદ્ધતાને પુનઃપ્રસ્થાપિત કરીશું.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




***NOG SS NO 376***
વિષય: વિશ્વ માતૃભાષા દિવસ★
શીર્ષક: કેમ કરી ભૂલાય★
પ્રકાર: પદ્ય  શબ્દો: ૧૧૨★

હું ને મારી માતૃભાષા
કેમ કરી ભૂલાય.
માતા તરફથી મળી મને ભાષા,
મારા પરિવારમાં બોલાતી ભાષા,
કેમ કરી ભૂલાય..
મારા વિચારોને રજૂ કરું,
લાગણીઓને પ્રદર્શિત કરું,
કેમ કરી ભૂલાય..
મારી ભાષામાં જતા પણ આવજો કહે,
આવકારવામાં પણ આવો કહી "રામ, રામ" કહે,
કેમ કરી ભૂલાય..
મારી ભાષામાં ખારાને પણ મીઠું કહે,
આંગણે આવેલા અતિથિને પણ દેવ કહે,
કેમ કરી ભૂલાય..
મારી ભાષામાં હાલરડું ગાઈએ તો ઊંઘે બાળક,
ગરબામાં મા જગદંબા આશિષ આપે,
કેમ કરી ભૂલાય..
મારી ભાષામાં મીરાએ પદ રચ્યા,
સાતેય જન્મ મળે આ મુલકમાં
રાખું એ જ અપેક્ષા, કેમ કરી ભૂલાય..

અપેક્ષા શાહ "શ્રીજી"અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 184**
વિષય :-૨૧ મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ
શીર્ષક :-ગરવી ગુજરાતી
પ્રકાર :- પદ્ય - શબ્દ :-૯૧

આવજો છૂટાં પડતાં, ફરી મળવાની આશા;
અન્યોથી કેટલી જુદી, આપણી ગુજરાતી.

અક્ષર ના કોઈ સ્મોલ, ના એકેય કેપીટલ;
ના માને ઊંચનીચમાં, ગરવી ગુજરાતી.

બદલો જગા શબ્દની, અર્થ મળતા ઢગલો;
કમાલ કેવી કરે છે, વહાલી ગુજરાતી.

સંયોજન છે કક્કાનું, બારાખડી પ્રયોજન;
છંદ અને અલંકાર, ગમતી ગુજરાતી.

નરસિંહે તો ગજવી, નર્મદે કેવી સજાવી;
વિશ્વમાં વહેતી કરી, 'હર્ષિલ' ગુજરાતી;

'પરખ' વંદે ભાષાને, ના વિયોગ છે સંયોગ;
'હર્ષ'ની છે માતૃભાષા, પ્રભાવી ગુજરાતી.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 230**
વિષય : માતૃભાષા દિવસ
શીર્ષક : આવડે છે ?
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૦૮

મૌનમાં બોલતા આવડે છે?
આંખમાં ખોળતા આવડે છે?

માતૃભાષા અમર છે સદા પણ
શબ્દને શોધતા આવડે છે ?

એ બી સી ડી તો ગોખી ગયો છે
ગુર્જરી બોલતા આવડે છે?

પ્રેમમાં હોય છે જાગરણ પણ,
રાતમાં જાગતા આવડે છે?

પાંખ તો કોઈ કાપી ગયું છે,
એ વિના ઊડતા આવડે છે?

વેદના, વેદના, વેદના છે,
આંસુ ને ખાળતા આવડે છે?

ગાંઠ સંબંધમાં પણ પડી છે
બાંધ્યું ખોલતા આવડે છે?

નાવડી કે હલેસું નથી પણ
જળ ઉપર ચાલતાં આવડે છે?

ફૂલ ખીલતા રહે છે વસંતે
શિશિર માં ખીલતાં આવડે છે?

તું કરે છે ખુદાઈનો દાવો
ત્રાજવું તોળતા આવડે છે?

કોઈ સપનાં હકીકત બને ના
ખ્વાબ માં જીવતા આવડે છે?

સપના વિજાપુરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય- ★વિશ્વ માતૃભાષા દિવસ★
શીર્ષક-"★માતૃભાષા દિવસની સાચી ઉજવણી★"
પ્રકાર-ગદ્ય  શબ્દ- ૩૪૮

હમણાં જ ૨૧ ફેબ્રુઆરીના રોજ આખાય વિશ્વમાં 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી. ૧૯૯૯ના નવેમ્બરમાં યુનેસ્કોએ વિશ્વભરમાં બોલાતી છ હજાર જેટલી વિવિધ ભાષાઓની જાળવણી માટે અને તે દરેક ભાષાને ગૌરવ બક્ષવા ૨૧ ફેબ્રુઆરીને વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવવાનું નકકી કર્યુ. આ દિવસ આપણને આપણી માતૃભાષા ગુજરાતીના ઉપયોગ અને સંવર્ધન પ્રત્યે ગંભીરતાપૂર્વક સભાન થવા પ્રેરે છે.

જન્મ્યા બાદ બોલતાં શીખ્યા ત્યારથી પહેલો ઉદગાર ગુજરાતીમાં નીકળ્યો, માતાને પહેલું સંબોધન ગુજરાતીમાં કર્યું અને આપોઆપ માતૃભાષા ગુજરાતી વાણી, વિચાર અને સંવાદનું માધ્યમ બની ગઈ. માતાએ હાલરડાં અને દાદા-દાદીએ બાળગીતો સંભળાવ્યા ગુજરાતીમાં, હસ્યાં અને રડ્યાં પણ ગુજરાતીમાં, સપના જોયાં ગુજરાતીમાં, માતા-પિતા અને ભાઈ-બહેન સાથે રિસામણા મનામણા થયાં ગુજરાતીમાં, મિત્રો સાથે ધમાલમસ્તી અને ટોળટપ્પાં કર્યા ગુજરાતીમાં, એવી આપણી માતૃભાષા ગુજરાતી શીદને વિસરાય?

માતૃભાષા આપણા અસ્તિત્વ સાથે જોડાયેલી હોય છે અને તેના મૂળ ખૂબ ઉંડે રોપાયા હોય છે. જીવનમાં માણસ? ગમે તે ઉંચાઈએ પહોંચે છતાં માતૃભાષા સાથેનો નાતો ક્યારેય તૂટતો નથી. શક્ય છે શિક્ષણ અને કારકિર્દીની પ્રક્રિયામાં માણસ માતૃભાષાના ઉપયોગથી વિમુખ થતો જાય અને ઉપયોગમાં લેવાતી અન્ય ભાષાઓના પ્રભાવમાં આવતો જાય, છતાં તેના મનમાં થતી વિચારવાની પ્રકિયા હંમેશા માતૃભાષામાં જ થતી હોય છે.

આપણી માતૃભાષા ગુજરાતી છે અને મને મારી માતૃભાષા વિશે અનોખું ગૌરવ છે કારણ મને આ ભાષાનો શબ્દવૈભવ ગમે છે, સદીઓથી ગુજરાતી ભાષા સાહિત્ય, કળા અને સંસ્કૃતિ ક્ષેત્રે એક સમૃદ્ધ ભાષા તરીકે સ્થાપિત છે. પ્રદેશે પ્રદેશે ભાષામાં અનુભવાતી વિવિધતા અને ઉચ્ચાર વૈવિધ્ય મને પ્રભાવિત કરે છે. લાગણીઓ અને ભાવને વ્યક્ત કરવા ભાષામાળખામાં ચોક્કસ શબ્દો છે. નજીકના સંબંધો અને સંબંધીઓને વ્યાખ્યાયિત કરતી પૂરેપૂરી શબ્દવ્યવસ્થા ઉપલબ્ધ છે. સંબંધો અને સંસ્કૃતિને અભિવ્યક્ત કરવામાં આપણી માતૃભાષા ગુજરાતી જેટલી વૈભવશાળી ભાષા બીજી કોઈ મને લાગી નથી. કદાચ હું મારી માતૃભાષા ગુજરાતીને એટલી ચાહું છું તેથી અન્ય ભાષાઓમાં તે ચડિયાતી લાગે છે, જો કે વિશ્વની પ્રત્યેક માતૃભાષા પોતાની આગવી ખાસિયતો ધરાવે છે અને સન્માનની અધિકારી છે.

આપણા કમનસીબે નવી પેઢીમાં ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીના બહાના હેઠળ દિવસે દિવસે વધુ ને વધુ ઉપેક્ષિત થતી જોઈ રહ્યાં છીએ. વિદેશી ભાષાઓથી અંજાયા વગર આપણી માતૃભાષા ગુજરાતીનો સમૃદ્ધ વારસો નવી પેઢી સુધી પહોંચાડી વિશ્વ માતૃભાષા દિવસની સાચી ઉજવણી કરીએ.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :334**
વિષય :-૨૧ મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ
શીર્ષક :-માતૃભાષાનું મહિમાગાન
પ્રકાર :- પદ્ય  શબ્દ :-૫૦

માતૃભાષાનું મહિમા ગાન કરીએ,
ગુજરાતી ભાષાની શાન વધારીએ.

માના લાડ પ્યારમાં પારણે ઝુલેલી,
કાલીઘેલી બોલીમાં માન વધારીએ.

અંતરના અવાજે સહેજે બોલાતી,
સંસ્કાર,સંસ્કૃતિની આન વધારીએ.

કરીએ જતન નવજાત શિશુ જેમ,
ગુજરાતી હોવાનું ગૌરવ વધારીએ.

ઉકેલશે ગૂંચવાડા ગુજરાતીઓના,
હરખે માતૃભાષાને ફૂલડે વધાવીએ.

ભલે વિશ્વમાં બોલાય અનેક ભાષા,
વિશ્વ આખામાં ગુજરાતી ફેલાવીએ.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ 'હિંમતનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 372**
વિષય : વિશ્વ માતૃભાષા દિવસ.
શીર્ષક : માતૃભાષા ગુજરાતી.
પ્રકાર : ગદ્ય   શબ્દો : ૨૩૫

આપણે સૌ જાણીએ છીએ કે યુનેસ્કોએ ૧૭ મી નવેમ્બર ૧૯૯૯ ના દિવસે ઠરાવ પ્રસાર કરી ૨૧ ફેબ્રુઆરીના દિવસને વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવવાનું ઠરાવેલ. આમ, ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ તરીકે દરેક વર્ષે વિશ્વભરમાં ઉજવાય છે.

વિશ્વભરની તમામ લગભગ ૭૧૦૦ થી વધુ ભાષાઓ પ્રત્યે સન્માનની આ વાત છે. વિવિધતામાં એકતા ધરાવનાર આપણા ભારત દેશમાં ૪૫૦ થી વધુ જીવિત ભાષાઓ પ્રચલિત છે. અત્યંત આધુનિક ટેકનોલોજીના કારણે વિશ્વ ખૂબ નાનું થઈ ગયું છે. વૈશ્વિક ફલક પર સંવાદ માટે જરૂરી વૈશ્વિક ભાષા અંગ્રેજીનો વ્યાપ સર્વત્ર દેખાય એ સ્વાભાવિક છે. આનો કોઈ વિરોધ ના હોઈ શકે. આ જ રીતે રાષ્ટ્રીય કક્ષાએ સંપર્કો બનાવી રાખવા રાષ્ટ્રભાષા હિન્દી પ્રત્યે પણ ચોક્કસ ગૌરવ રહે.

અહીં વાત કરવી છે માતૃભાષા ગુજરાતીની. માતા તરફથી સૌ પ્રથમના સંવાદોમાં સહજતાથી સાંભળેલી અને સાંપડેલી ભાષા એટલે માતૃભાષા. માતૃભાષાને ટકાવી રાખવા માટે જો સંઘર્ષ કરવો પડે તો એ ખૂબ જ દુઃખદ છે. અન્ય ભાષાઓના સન્માન સાથે ગુજરાતી પરિવારોએ ઉગતી પેઢી ગુજરાતી ભૂલી ના જાય એ માટે સજાગ રહેવું પડશે. ગૌરવવંતી ગુજરાતી ભાષા દેશમાં સૌથી વધુ બોલાતી ભાષાઓમાં છઠ્ઠા ક્રમે આવે છે.

માતૃભાષા ગુજરાતીના ગૌરવગાનની સાથે જ કવિશ્રી નર્મદનું નામ જોડવું પડે. માત્ર ૫૩ વર્ષની વયે જીવનલીલા સંકેલી લેનાર કવિ નર્મદે
આભાર - નિહારીકા રવિયા સામાજિક સુધારણા સાથે ગુજરાતી ભાષા સાહિત્યને એક નવી ઊંચાઈ આપવા પ્રયાસ કરેલ. આત્મકથા, નિબંધ, કાવ્ય સહિતના અનેક પ્રકારો ઉપરાંત ૨૫,૦૦૦ થી પણ વધુ શબ્દોનો શબ્દકોષ વર્ષોની મહેનત બાદ ૧૮૭૬ ના દાયકામાં એમણે આપેલ. એમના માનમાં એમની જન્મ તારીખ ૨૪ ઓગસ્ટ વિશ્વ ગુજરાતી ભાષા દિવસ તરીકે પણ ઉજવાય છે.

સંજય બી. મહેતા. (અમદાવાદ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS No.: 0141***
★વિષય: "વિશ્વ માતૃભાષા દિવસ"★
★શીર્ષક: "ભાષા ગુજરાતી!★
★પ્રકાર: પદ્ય/અછાંદસ કવિતા★  ★શબ્દો: ૧૪૦★

હું છું ગુજરાતી ને મારી ભાષા ગુજરાતી!
જેમ કન્યા જતી હોય મંડપમાં શરમાતી!
હું છું ગુજરાતી ને મારી ભાષા ગુજરાતી!

જોમ એનું એવું કે પરદેશમાં સૌ ગણે;
વિશ્વના ખૂણેખૂણે ગુર્જર ભાષા ભણે;
લહેકો એવો કે સરોવર સુંદરી નહાતી!
હું છું ગુજરાતી ને મારી ભાષા ગુજરાતી!

વેપાર વણજે એને કોમળતા લાગી ગઈ;
ભાવ વિણ ભાવક ને ભળતાની ભાત દઈ;
અલક મલકમાં એની વાત બહુ વહાતી!
હું છું ગુજરાતી ને મારી ભાષા ગુજરાતી!

અધ્યાત્મ સાહસ પ્રેમ સત્ય સેવા કરુણા;
પ્રભાતિયાં છંદ ભજન રાસ દોહરા કુંણા;
દેશના ધબકાર ભળી છાતી એની તાતી!
હું છું ગુજરાતી ને મારી ભાષા ગુજરાતી!

લબ્ધ પ્રતિષ્ઠિત લેખકોએ સારી સમારી;
રૂડી રચનાઓ થકી કવિઓએ શણગારી;
સૈકાઓ સરે ધારા એમ જીવંત રહેવાતી!
હું છું ગુજરાતી ને મારી ભાષા ગુજરાતી!

રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - વિશ્વ માતૃભાષા દિવસ.
શીર્ષક - માતૃભાષાની વંદના.
પ્રકાર - ગદ્ય, શબ્દ - ૧૩૮

માતૃભાષા બાળકનાં હ્રદયનાં ધબકારા સાથે ગૂંથાતી હોય છે. વ્યક્તિનાં જીવનમાં માતૃભાષાનું સ્થાન અત્યંત મહત્વનું છે. માણસની વિચારવાની ટેવ, કલ્પનાઓ વગેરેમાં માતૃભાષાનું યોગદાન મહત્વનું છે. માતાની હૂંફ બાળક જેટલી જરૂરી છે. માતૃભાષાનો શાબ્દિક અર્થ "મા" પાસેથી પ્રાપ્ત થયેલી ભાષા એમ કહેવાય. માતા સમાન ભાષા જેને આપણામાં સંસ્કાર સિંચન કર્યું તેમજ સંસ્કૃતિ આપી .
માતૃભાષાથી બાળકને વંચિત રાખવું એટલે ખોટનો ધંધો કહેવાય. સ્તન્યદાયિની જનની પ્રત્યે જે ભાવ હોય હોવો જોઈએ. એવો ભાવ આપણી માતૃભાષા માટે હોવો જોઈએ. માતૃભાષા આપણાં સાંસ્કૃતિક જીવનનાં ઉછેરમાં આધાર ભૂમિ છે. જેમાં વ્યક્તિ તરીકેની આપણી અસ્મિતા મુળિયા નાખે છે. માતૃભાષાની આધાર ભૂમિ વિના આપણે મૂળિયાં વિના ના થઈ જઈએ. ગાંધીજીએ લખ્યું છે. માતાનાં ધાવણ સાથે જ સંસ્કાર અને જે મધુર શબ્દ મળે છે.અંગ્રેજી ભાષાનું પ્રચંડ પવનનાં વેગમાં માતૃભાષાના ચીથરે હાલ થાય છે. માટે આપણે આપણી માતૃભાષા બચાવવી જોઈએ.
કવિએ કંઈ લખ્યું છે
"અમને વ્હાલી ગુજરાતી છે
મા બોલી ગુજરાતી."
પ્રેમથી વ્હાલી મને મારી માતૃભાષા હોકે..!

રાગીની શુક્લ "રાગ" મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SSO NO : 229**
વિષય : વિશ્વ માતૃભાષા દિવસ
શિર્ષક : ગુજરાતી મારી મનગમતી માતૃભાષા
પ્રકાર: ગદ્ય શબ્દો : ૩૫૦

માનવીએ ઈશ્વરનું અતુલનિય સર્જન છે. તેથી તેની ગણના બુદ્ધિજીવીઓમાં થતી હોય તેની લાગણીઓ, સંવેદનાઓ અને તન મનમાં તરંગોની અસરકારક અભિવ્યક્તિ કરવાનું તે ભાષા-કૌવત ધરાવે છે. માટે તો આપણે તેનું પ્રદર્શન આપણી આગવી માતૃભાષા-ગુજરાતીમાં સુપેરે કરી જાણીએ છીએ. વળી, ગુજરાતીઓનાં બાળકો પોતાની કાલીઘેલી માતૃભાષામાં બોલચાલ કરીને ભવિષ્યમાં તેનું સુપ્રસિદ્ધ પ્રદર્શન કરીને હંમેશા સર્વત્ર છવાઈ જાય છે.

વિશ્વની અનેક ભાષાઓ પોતપોતાના પ્રદેશ અને વિવિધ દેશોમાં ખૂબ જ સુંદર રીતે પ્રચલિત થઈ જાય છે કારણ કે, માતૃભાષામાં જ દરેકને પોતાની તન-મનની લાગણીઓ દર્શાવવાનું ભગવાને સબળ સામર્થ્ય આપ્યું હોય છે. બાળક પોતાના કુટુંબમાં મા-બાપ, સગાંવહાલાં અને અડોશ-પડોશના માહોલમાંથી જ માતૃભાષામાં ઉત્તમ અભિવ્યક્તિ શીખતું થઈ જાય છે. એ શાળામાં જતા પહેલાંથી જ મિત્ર-વર્તુળમાં કાલીઘેલી ગુજરાતી ભાષાથી જીવનમાં સફળતાની શરૂઆત પ્રારંભી દે છે.

વળી,બાળપણ કોઈપણ વ્યક્તિના જીવનનો સાવ નિર્દોષ,મજાક-મસ્તીવાળો અને સાર્વત્રિક રીતે ચિંતામુક્ત તબક્કો હોય છે. જેમાંથી તમામ અનુભવો સાથેની પરિસ્થિતિનું તાદ્રશ્ય,પારદર્શક, સાચું અને અદભુત વર્ણન માતૃભાષામાં જ કરી શકે છે. ગુજરાતી પોતે વિવિધ રીતે સમૃદ્ધ ભાષા હોવાથી તે વિશ્વમાં દિન-પ્રતિદિન સબળ સજ્જડ અને સમૃદ્ધ ભાષા તરીકે પોતાનું મહત્વ ધરાવતી જાય છે.

તાજેતરમાં ૨૧ ફેબ્રુઆરીના રોજ વિશ્વમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી થઈ ગઈ છે. આપણી માતૃભાષા ગુજરાતીમાં વૈવિધ્યપૂર્ણ ગીત સંગીત તથા લોકકથાઓ,વાર્તાઓ-નિબંધો,ભજનો ગઝલો,લેખો-નવલકથાઓ સાથે હાઈકુ જેવા દેશ -દેશાવરના અમૂલ્ય ખજાનાઓ છુપાયેલા છે. જેના કારણે તે દેશ પરદેશમાં સમયાંતરે વધુ લોકપ્રિય બનતી જાય છે અને ઘણી બધી રીતે તે આપણને આનંદ-ઉમંગ, વખાણ-પ્રોત્સાહનસાથે અભિનય-અભિવ્યક્તિ થી ઉત્તેજિત કરીને પ્રવૃત્તિશીલ બનવા સાથે વધુ સુપ્રસિદ્ધ લોકોક્ય અને સમૃદ્ધ બનાવી દે છે - તે નિર્વિવાદ છે.
આપણી ગુજરાતી ભાષાના પ્રાચીનઈઅર્વાચીન કવિઓ, કથાકારો અને લોકસાહિત્યના ઉત્તમ મહાપુરુષોના ઉત્તમ પ્રદાનની ગંગા અનાદિકાળથી સતત વહેતી રહી છે- અને તેથી તો આપણી ગુજરાતી ભાષા સમયકાળની અને સરહદોની સીમા પાર કરીને આપણને સર્વોત્તમ બનાવવાની દિશામાં આગળ વધી રહેલ છે તે આપણા માટે અત્યંત ગૌરવની વાત છે. જેથી વિશ્વના ગુજરાતી અબાલ વૃદ્ધ સૌને પોતાની અંગત વાતો કે તન મનની જાહેર લાગણીઓની પ્રસ્તુતિ પ્રાર્થના અને પરમાર્થના કાવ્યો જેવી અભિવ્યક્તિ દર્શાવવાનું માધ્યમ બની પ્રસિદ્ધિ,લોકપ્રિયતા અને ગૌરવ પ્રદાન કરે છે.
લેખક -"પ્રપાશી" પરેશ મ. પાઠક.

# ગાંધીનગરમાં નિરંકારી ભક્તો દ્વારા સાબરમતી નદીએ સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું



સંત નિરંકારી મિશનના " સ્વચ્છ જળ- સ્વચ્છ મન " અભિયાન અંતર્ગત ભારતમાં દસ લાખથી વધુ ભક્તોએ ભાગ લીધો.

જળ પ્રકૃતિ નું અમૂલ્ય ઉપહાર, જેનું સંરક્ષણ આપણા દરેકની જવાબદારી-

સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજ.

સંત નિરંકારી મિશન દ્વારા સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજ તથા નિરંકારી રાજ પિતાજી ના પાવન સાનિધ્યમાં ૨૩ ફેબ્રુઆરી ના રોજ " સ્વચ્છ જળ- સ્વચ્છ મન " યોજના ના તૃતીય ચરણનો શુભારંભ કરવામાં આવ્યો.

આ પરીયોજના નો મુખ્ય ઉદ્દેશ જળ સંરક્ષણ તથા તેના બચાવ માટે અલગ અલગ યોજનાઓ બનાવવી તથા તેને અમલીરૂપ આપવાની સાથે જ મુખ્ય બિંદુ જળ સ્ત્રોતની સ્વચ્છતા તથા સ્થાનીય જનતા " જાગ રુકતા અભિયાન " ના માધ્યમથી તેઓને પ્રોત્સાહિત કરવાનો છે. આ અભિયાન અંતર્ગત ગાંધીનગરમાં પણ સાબરમતી નદી કિનારે આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિર પાસે સવારે ૭ થી ૧૦ વાગ્યા સુધી સફાઈ કાર્ય કરી જામેલી લીલ, કીચડ, પ્લાસ્ટિક કચરો વગેરે ગંદકી સાફ કરી ટનબંધ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં ધોળેશ્વર મંદિર ના મહંત તેમજ ટ્રસ્ટીશ્રીઓ, ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ અન્ય સંસ્થાઓનો સહયોગ મળ્યો હતો. ત્યારબાદ ૧૧ થી ૧:૦૦ વાગ્યા સુધી સેક્ટર ૩૦ ખાતે આવેલ સંત નિરંકારી સત્સંગ ભવનમાં સત્સંગનું પણ આયોજન કરી સતગુરુ બાબા હરદેવસિંહજી મહારાજની શિક્ષાઓને વાગોળવામાં આવી હતી. તેમ પ્રેસ મીડિયા સહાયક કનૈયાલાલ દેવાણી દ્વારા જણાવવામાં આવ્યું હતું. સતગુરુ બાબા હરદેવસિંહજી ની જન્મ જયંતી ને સમર્પિત આ પુનિત અભિયાનમાં લગભગ ૧૬૫૦ થી વધુ સ્થળોએ આયોજિત આ સફાઈ અભિયાનમાં ૧૦ લાખથી વધુ ભક્તો સ્વયંભૂ જોડાયા હતા. દિલ્હીમાં યોજાયેલ સત્સંગ કાર્યક્રમમાં સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજે જણાવ્યું કે, પાણી અમૃત સમાન છે. જે પ્રકૃતિએ આપણને એક મહત્વપૂર્ણ ભેટના રૂપમાં આપ્યું છે. તેની સ્વચ્છતા અને સંરક્ષણ માટે આપણી જવાબદારી જ નહીં પરંતુ આપણી સ્વાભાવિક આદત હોવી જોઈએ. પ્રદૂષણથી પર્યાવરણને હાનિ થાય છે.

# નિરમા યુનિવર્સિટીએ વંચિત બાળકો માટે સાક્ષરતા ડ્રાઈવનું આયોજન કર્યું




નિરમા યુનિવર્સિટી ખાતે સ્કૂલ ઓફ ટેક્નોલોજીના નેશનલ સર્વિસ સ્કીમ (દ્રજીજી) યુનિટે વંચિત બાળકોને શિક્ષિત કરવા અને તેમના સાંસ્કૃતિક વારસા વિશે જાગૃતિ લાવવાના હેતુથી સાક્ષરતા અભિયાન હાથ ધર્યું હતું. આ પહેલમાં ૨૦ થી ૨૫ બાળકોએ બહુવિધ ભાષાઓમાં મૂલ્યવાન જ્ઞાન અને સામાન્ય જાગૃતિ મેળવીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્વયંસેવકોએ ગુજરાતી અને હિન્દી સ્ક્રિપ્ટો સહિત મૂળભૂત મૂળાક્ષરો શીખવ્યા, જેથી યુવા શીખનારાઓ ભાષા અને સંદેશાવ્યવહારની મૂળભૂત બાબતોને સમજી શકે. વધુમાં, બાળકોને ભારતના સમૃદ્ધ વારસાનો પરિચય કરાવવામાં આવ્યો, ભારતની સાત અજાયબીઓ વિશે શીખ્યા અને ભારતીય નકશાનું વિગતવાર અન્વેષણ કર્યું.આ સત્રમાં ગુજરાતનો નકશો, ઐતિહાસિક અજાયબીઓ, પ્રસિદ્ધ સ્થળો અને આકર્ષણોને આવરી લેતા તેની ઊંડાણપૂર્વકની સમજ આપવામાં આવી હતી. આ અભિગમથી માત્ર તેમની સાક્ષરતા કૌશલ્યમાં વધારો થયો નથી પરંતુ તેમની સંસ્કૃતિ અને વતન પ્રત્યે ગર્વની ભાવના પણ જગાવી છે.

બાળકો સ્વયંસેવકો સાથે બંધનમાં બંધાઈને તેમની સર્જનાત્મકતાને બહાર કાઢીને રંગબેરંગી ચિત્રકામની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતાં હૃદયસ્પર્શી નોંધ પર ઈવેન્ટનું સમાપન થયું. દ્રજીજી સભ્યોએ બાળકો સાથે વાતચીત કરવામાં ગુણવત્તાયુક્ત સમય વિતાવ્યો, સત્રને શૈક્ષણિક અને આનંદદાયક બંને બનાવ્યું.શિક્ષણવિદો ઉપરાંત, ઈવેન્ટે તેમના ભવિષ્યને ઘડવામાં શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો. દ્રજીજી ટીમે બાળકોને શીખવાનું ચાલુ રાખવા અને વધવા માટે પ્રેરિત કર્યા, તેમનામાં એવી માન્યતા કેળવી કે શિક્ષણ એ ઉજ્જવળ ભવિષ્યની ચાવી છે.

# વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે જિલ્લા કક્ષાનો 'કિસાન સન્માન સમારોહ' યોજાયો



આહવા

વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે જિલ્લા કક્ષાનો 'કિસાન સન્માન સમારોહ' યોજાયો હતો. જેમાં ખેડૂત લાભાર્થીઓને લાભ વિતરણ અને પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. બિહારમાં આયોજિત રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ પી.એમ.કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૯મો હપ્તો રિલીઝ કરતા સમગ્ર દેશના ૯.૭ કરોડ લાભાર્થી ખેડૂતોના બેન્ક ખાતામાં રૂ.૨૨,૦૦૦ કરોડની સહાય જમા કરી હતી. જેના ભાગરૂપે ડાંગ જિલ્લાના ૩૩,૩૦૩ ખેડૂતોના બેન્ક ખાતામાં આજે કિસાન સન્માન નિધિની સહાય જમા કરાઈ હતી.


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીએ વર્ચ્યુઅલ સંબોધન કર્યું હતું, તેમજ જિલ્લા ખેતીવાડી વિભાગ, આત્મા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અધિકારીઓએ ખેડૂતોને માર્ગદર્શન સહ પ્રોત્સાહિત કર્યા હતા.

વડાપ્રધાનશ્રીના હસ્તે ઁ રૂ કિસાન સન્માન નિધિના ૧૯મા હપ્તા પેટે સમગ્ર દેશના ૯.૭ કરોડથી વધુ ખેડૂતોને રૂ.૨૨,૦૦૦ કરોડથી વધુની સહાય બેન્ક ખાતામાં જમા કરી હતી, જે પૈકી ગુજરાતના આશરે ૫૧.૪૧ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ.૧,૧૪૮ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરાયા હતા.

આ પ્રસંગે વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિતે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ ખેડૂતોને લઘુત્તમ આવકના આધાર તરીકે પ્રતિ વર્ષ ૬ હજાર રૂપિયા સીધા તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. જે ત્રણ સમાન હપ્તામાં ચાર માસના અંતરે ચુકવવામાં આવે છે. આ યોજના ખેડૂતો માટે વરદાનરૂપ સાબિત થઈ છે, જે તેમના કૃષિ આનુષંગિક ખર્ચને પહોંચી વળવામાં અતિ ઉપયોગી બની રહી છે એમ જણાવી નાગરિકોને ઝેરમુક્ત અન્ન અને શાકભાજી પૂરા પાડવા તેમજ ગૌમાતા અને ધરતીમાતાને બચાવવા વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે જરૂરી હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી સંજય ભગરીયા, જિલ્લા પંચાયત ખેતીવાડી અધિકારી શ્રી બાલુભાઈ પટેલ, વઘઈ મામલતદાર શ્રી એમ.આર.ચૌધરી સહિતના સંશોધન વૈજ્ઞાનિકો અને અધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# બાળ સાહિત્ય અકાદમીનું ૨૪મું અધિવેશન રંગેચંગે ઉજવાયું




રાષ્ટ્રમાતા કસ્તુરબા ગાંધીનું પુણ્યસ્મરણ કરાવતી ૨૨મી ફેબ્રુઆરી ૨૦૨૫ ને શનિવારે અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધનરામ સભાખંડમાં બાળ સાહિત્ય અકાદમીનું ૨૪મું અધિવેશન યોજાઈ ગયું જેમાં ભાગ લેવા માટે

ગુજરાતભરથી અને મુંબઈથી બાળસાહિત્ય રસિકો આવ્યા હતા. આ અધિવેશનના અધ્યક્ષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ જાણીતા વિદ્વાન ડૉ. ભાગ્યેશ જહાએ સુંદર ઉદ્બોધન કર્યું હતું. પ્રારંભે ડૉ. ભારતીબેન બોરડે બાળગીત પ્રસ્તુત કર્યું હતું. અધિવેશનમાં

આ વર્ષે દિવંગત થયેલ બાળસાહિત્યકારોને મૌન રાખી શ્રદ્ધાંજલિ આપી. શ્રી યશવંત મહેતા સંચાલિત પહેલી બેઠકમાં શતાબ્દી વંદનામાં દિવંગત બાળસાહિત્યકારો ધનંજય શાહ વિશે શ્રીયશવંત મહેતાએ અને વસંતલાલ પરમાર વિશે ડૉ. શ્રદ્ધાબેન ત્રિવેદીએ પ્રસ્તુતિ કરતા તેમના સાહિત્યસૃજનને યાદ કરેલ. બાળસાહિત્ય પર પીએચ.ડી કરનાર ડૉ. શકુંતલા ચાવડાને તથા બાળસાહિત્ય અકાદમીના ૩૦ વર્ષના ઈતિહાસને પુસ્તકસ્થ કરનાર ડૉ. રવીન્દ્ર અંધારિયાને રજતચંદ્રક આપીને સન્માનવામાં આવ્યા હતા. આ પુસ્તક 'બાળસાહિત્ય અકાદમીની વિકાસગાથા' નું વિમોચન આ પ્રસંગે અધ્યક્ષશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. ભોજન વિરામ બાદ બીજી બેઠકના પ્રારંભે જામનગરથી આવેલ શ્રી કિરીટ ગોસ્વામી તથા તેમની ટીમે સંગીતસભર બાળગીતો દ્વારા સૌને આનંદ આપ્યો હતો. તે પછી શ્રી નટવરભાઈ પટેલના સંચાલનમાં ૧૩ વક્તાઓએ 'બાળસાહિત્ય અને હું' વિષયને ન્યાય આપતાં પોતાના સંસ્મરણો તથા અનુભવો રજૂ કર્યા હતા. આભારદર્શન બાદ સૌ છૂટા પડ્યા હતા.

**અહેવાલઃ આરતી સંતોષ કરોડે.**

# ભારતના ઘણા રાજ્યોમાં હવામાનની પેટર્ન બદલાઈ: હવામાન વિભાગ

નવી દિલ્હી,

હવામાન વિભાગે આવનાર દિવસોમાં હિમાચલ પ્રદેશ, લદ્દાખ, જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડના વિવિધ ભાગોમાં ૨૫ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી વચ્ચે વરસાદ અને હિમવર્ષા થવાની આગાહી કરી છે. પંજાબ, ચંદીગઢ અને હરિયાણાના જુદા જુદા ભાગોમાં ૨૬ થી ૨૮ ફેબ્રુઆરી વચ્ચે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. પશ્ચિમ યુપી, પૂર્વ યુપી અને રાજસ્થાનમાં ૨૭ અને ૨૮ ફેબ્રુઆરીએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના વિસ્તારો સિવાય, ઓડિશામાં ઘણી જગ્યાએ ૪૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાવા સાથે વરસાદ પડી શકે છે. વિભાગે અતિવૃષ્ટિને લઈને ઓરેન્જ એલર્ટ પણ જાહેર કર્યું છે. તે જ સમયે, ઝારખંડ, સિક્કિમ, છત્તીસગઢ, આસામ, બિહાર સહિત ૭ ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં ભારે પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. ૨૫ અને ૨૬ ફેબ્રુઆરીએ આંદામાન અને નિકોબાર ટાપુઓના ભાગોમાં વરસાદની સંભાવના છે.

# પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના ૬ વર્ષ પૂર્ણ: ગુજરાતમાં ૬૬.૫૫ લાખ ખેડૂતોને મળ્યા ?૧૮,૮૦૦ કરોડ

★ગાંધીનગર, ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૫:★ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતનું નિર્માણ ચાર પિલ્લર એટલે કે ગરીબ, યુવા અન્નદાતા અને નારીશક્તિના વિકાસથી કરવાની સંકલ્પના આપી છે. ૨૦૧૯માં વડાપ્રધાનશ્રીએ અન્નદાતા એટલે કે ખેડૂતોના સશક્તિકરણ માટે એક ક્રાંતિકારી નિર્ણય લીધો અને પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના શરૂ કરી, જે હેઠળ દેશના તમામ નાના ખેડૂતોના બૅન્ક ખાતામાં વાર્ષિક ?૬૦૦૦ની નાણાંકીય સહાય આપવામાં આવી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે આ પહેલના અસરકારક અમલીકરણ દ્વારા ખેડૂતોનું આર્થિક સશક્તિકરણ સુનિશ્ચિત કર્યું છે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના શરૂ થઈ ત્યારથી અત્યારસુધીમાં એટલે કે ૬ વર્ષમાં રાજ્યના ૬૬.૬૫ લાખ ખેડૂતોને ?૧૮,૮૧૩.૭૧ કરોડની આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે.

યોજનાના લાભ પાત્ર ખેડૂતો સુધી પહોંચે એ સુનિશ્ચિત કરવા માટે મલ્ટી-લેવલ વેરિફિકેશન સિસ્ટમ★

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના લાભ પાત્ર ખેડૂતો સુધી પહોંચે એ સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારે મલ્ટી-લેવલ વેરિફિકેશન સિસ્ટમ લાગુ કરી છે. આ પ્રણાલીનો ઉદ્દેશ યોજનાના અમલીકરણમાં પારદર્શિતા અને જવાબદારી જાળવવાનો છે. ૧૨મા હપ્તાથી જમીન વાવણીને ફરજિયાત બનાવવામાં આવી છે, જેથી ફક્ત પાત્રતા ધરાવતા ખેડૂતો જ આ યોજનાનો લાભ મેળવી શકે. આ અંતર્ગત, ખેડૂતોએ પોતાની જમીનને પોર્ટલ સાથે જોડવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

★ભ્રષ્ટાચારને અટકાવવા માટે આધાર લિંકિંગ, ઈ-કેવાયસી અને ભૌતિક ચકાસણી ફરજિયાત★

આ યોજનાના પારદર્શક અમલીકરણ માટે ૧૩મા હપ્તાથી આધાર લિંકિંગ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (દ્ઘ્) સિસ્ટમ ફરજિયાત બનાવવામાં આવી હતી, જેના દ્વારા નાણાંકીય સહાય સીધી ખેડૂતોના આધાર સાથે જોડાયેલા બૅન્ક ખાતાઓમાં મોકલવામાં આવે છે. ૧૫મા હપ્તાથી ઈ-કેવાયસીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી, જેનાથી યોજનાના લાભાર્થીઓની ઓળખ અને સુરક્ષામાં વધારો થયો છે. આ ઉપરાંત, ખેડૂતો તેમના ઓળખ સંબંધિત દસ્તાવેજોને ઓનલાઈન વેરિફાઈ કરી શકે છે. ગ્રામ્ય સ્તરે નોડલ અધિકારી ૫% અને ૧૦% ફિઝિકલ વેરિફિકેશન પણ કરે છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે ફક્ત પાત્ર ખેડૂતોને જ યોજનાનો લાભ મળે. આ પ્રક્રિયા અયોગ્ય લાભાર્થીઓને દૂર કરવામાં મદદ કરે છે.

★અયોગ્ય લાભાર્થીઓ પાસેથી વસૂલાત અને જન સંવાદ દ્વારા પારદર્શિતામાં વધારો થયો★

ગુજરાત સરકાર કોઈ ખેડૂતે ખોટી રીતે આ યોજનાનો લાભ મેળવ્યો હોય, તો આ લાભોની વસૂલાત પણ કરે છે. આ ઉપરાંત, ખેડૂતો તેમના જમીન માલિકીના દસ્તાવેજો અને આધાર વિગતોનો ઉપયોગ કરીને પીએમ-કિસાન પોર્ટલ પર સ્વ-નોંધણી પણ કરાવી શકે છે. મુખ્યમંત્રી ડેશબોર્ડ હેઠળ, જન સંવાદ કાર્યક્રમ દ્વારા લાભાર્થીઓ સીધો પ્રતિસાદ આપી શકે છે, જેથી યોજનાના રિયલ-ટાઈમ નિરીક્ષણ સાથે તેનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરી શકાય છે.

★ખેડૂતોના બૅન્ક ખાતામાં દ્ઘ્ દ્વારા જમા થાય છે નાણાંકીય સહાય★

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ આપવામાં આવતી નાણાંકીય સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા ખેડૂતોના બૅન્ક ખાતામાં જમા કરવામાં આવે છે. લાભાર્થી ખેડૂતો પીએમ-કિસાન પોર્ટલ પર તેમનું પેમેન્ટ સ્ટેટસ ચકાસી શકે છે. આ પોર્ટલ પર તેઓને બૅન્કનું નામ, એકાઉન્ટ નંબર, વ્યવહારની તારીખ અને યુટીઆર નંબર જેવી વિગતો જોવા મળશે. ખેડૂતોને નાણાંકીય સુરક્ષા પૂરી પાડીને, રાજ્ય કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવી રહ્યું છે

# બાબાસાહેબ આંબેડકર ભવન,મોડાસા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રિયંકાબેન ડામોરના અધ્યક્ષસ્થાને અરવલ્લી જિલ્લાકક્ષાનો કિસાન સન્માન સમારોહ યોજાયો



પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૯મો હપ્તો આજ રોજ બિહારના ભાગલપુર ખાતે આયોજીત કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખેડૂતોના બેંક ખાતામાં ડિજિટલ માધ્યમથી જમા કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે આજરોજ બાબાસાહેબ આંબેડકર ભવન, મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા કક્ષાનો કિસાન સન્માન સમારોહ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રિયંકાબેન ડામોરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે ધરતીપુત્રોને સંબોધતા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રિયંકાબેનએ જણાવ્યું હતું કે, દેશ તથા રાજયના અન્નદાતાઓને આર્થિક રીતે પગભર કરી આત્મનિર્ભર બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો પ્રારંભ કર્યો હતો. જો ખેડૂતો પ્રગતિશીલ હશે તો રાજ્ય તથા દેશનો સર્વાંગી વિકાસ થશે.

વધુમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર ખેડૂતોની ઉન્નતિ માટે સતત પ્રયત્નશીલ રહે છે. આજે આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી ખેતીવાડી વિભાગની વિવિધ યોજનાઓ વિશે સમગ્ર માહિતી ખેડૂતોને ઘર બેઠા જ મળી રહી છે.

કાર્યક્રમમાં ખેડુતોને કૃષિ સંલગ્ન વિષયોની અધતન માહિતી મળી રહે તે માટે કૃષિ, આત્મા, બાગાયત, પશુપાલન અને અન્ય સંલગ્ન વિભાગોના સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. આ તકે ખેતીવાડી વિભાગની વિવિધ યોજનાના લાભાર્થીઓને સન્માનપત્ર તથા સહાય ચેક વિતરિત કરવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લાના ૧,૯૬,૪૩૯ ખેડૂત કુટુંબોને, એકંદરે ૧૮ હપ્તામાં રૂ.૪૫૬ કરોડની સહાય તેમના બેન્ક એકાઉન્ટમાં સીધી ચૂકવવામાં આવેલ છે.આ તકે કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી પ્રશસ્તિ પરીક, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિપેશ કેડિયા, નિવાસી અધિક કલેકટર શ્રી રાજેશ કુચારા, પ્રાંત અધિકારીશ્રી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી સહિત ખેતીવાડી વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, કૃષિ વૈજ્ઞાનિકો તથા બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી પદ્મશાલી જ્ઞાતી સમાજ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ના વિધાર્થી શ્રીઓ ને પ્રોત્સાહન સ્વરૂપ પરીક્ષા કીટ અને સામગ્રી વિતરણ કાર્યક્રમ



અમદાવાદ

.....તારીખ ૨૩/૦૨/૨૦૨૫ શ્રી પદ્મશાલી જ્ઞાતિ સમાજ દ્વારા "શિક્ષિત સમાજ અને સમૃદ્ધ સમાજ" ના સૂત્ર ને ચરિતાર્થ ની દિશા માં ધોરણ ૧૦ અને ૧૨ ના વિધાર્થી શ્રીઓ ને પ્રોત્સાહન સ્વરૂપ પરીક્ષા કીટ અને સામગ્રી વિતરણ કાર્યક્રમ જેમાં સમગ્ર અમદાવાદ શહેર માં વિવિધ વિસ્તારોમાં માં સ્થિત ૧૪૦ થી વધુ વિધાર્થી ગણ અને જ્ઞાતી બંધુ ઓ ને તેમના નિવાસ સ્થાને જઈને પદ્મશાલી સંસ્થા ના પદાધિકારી શ્રીઓ દ્વારા કરવામાં આવેલ જેમાં વિશેષ ઉપસ્થિત એવા માર્ગદર્શક, ટ્રસ્ટીઓ, ચૌધરી શ્રી, મહિલા અને યુવક મંડળ અને દાતા શ્રીનો તેમજ સહ વિશેષ ઉપસ્થિત એવા સમાજ ના પ્રથમ મહિલા એવા બાપુનગર વોર્ડ ના કાઉન્સિલર શ્રીમતી જયશ્રી બેન દાસરી દ્વારા આ વિદ્યાર્થી શ્રીઓ ને તેમના બોર્ડ ની પરીક્ષા અને જીવન માં ભવ્યતમ સફળતા મળે તેવી આપણા સર્વે ના કુળદેવ અષ્ટ ચિરંજીવી શ્રી માર્કન્ડેય મહામુનિ જી ને પ્રાર્થના કરી અને શુભેક્ષાઓ આપી તે બદલ સર્વ ના ખૂબ ખૂબ આભાર અને અભિનંદન.રૂ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.